# મોડાસાના રેપડી માના મંદિરમાં ગાંજાના વેપારનો એસઓજી દ્વારા પર્દાફાશ

## દોઢ કિલો ગાંજો સાથે ૨ શખ્સોની ધરપકડ

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માઝુમ નદીના કિનારે આવેલા અસ્થાના પ્રતીક સમા રેપડીમાંના મંદિરમાં કેટલાક



સમય થી શહેરના યુવાધને બરબાદ કરતા ગાંજાનો ગેરકાયદેસર ધંધો ચાલતો હોવાની બૂમો ઉઠતા અરવલ્લી જીલ્લા એસ.ઓ.જી પોલીસે રેડ પાડી મંદિરમાં મહંત તરીકે રહેતા એક શક્ષ અને સ્થાનિક એક યુવકને દોઢ કિલો ગાંજો સાથે ઝડપી પડતા ચકચાર મચી છે મોડાસા શહેરમાં એન્જીનીયરીંગ અને કોલેજના યુવાનોને બરબાદીની ગર્તા માં ધકેલાતા ગાંજાના રેકેટનો પર્દાફાશ થતા ચકચાર મચી છે આ મંદિરમાં કેટલાક સમય થી ચાલતા ગાંજાના કાળા બજાર અંગે શહેરના કેટલાક હિન્દૂ અગ્રણીઓ અને પંથકમાં આવેલા મંદિરના મહંતો જાણતા હોવા છતાં અગમ્ય કારણોસર ચુપકીદી સાધી લીધી હોવાની ચર્ચા મંદિરમાંથી ગાંજો પકડાયા પછી ટોક ઓફ ધી ટાઉન બની છે મંદિરમાં મહંત તરીકે રહેતો શખ્શ ની ધાક થી લોકો ફફડાટ હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર,અરવલ્લી જીલ્લા એસ.ઓ.જી પોલીસે બુધવારે સાંજના સુમારે માઝુમ નદીના કિનારે આવેલા રેપડીમાંના મંદિરમાં દરોડો પાડી વિનયગીરી અને સ્થાનિક યુવાનની દોઢ કિલો ગાંજો સાથે



ધરપકડ કરી પોલીસ સ્ટેશન લઈ જઈ કાયદેસરની કાર્યવાહી કરતા ચકચાર મચી હતી રેપડીમાંના મંદિરમાં કેટલાક સમય થી ગેરકાયદેસર રીતે અડ્ડો જમાવી વિનયગીરી અન્ય એક મહિલા સાથે રહી ગાંજાનો વેપલો કરી યુવાધનને બરબાદ કરી દીધું હતું સાંજના ૫ વાગ્યા પછી મંદિરમાં હિન્દૂ-મુસ્લિમ સમાજના યુવાનો ના ગાંજાનો કસ ખેંચવા મોટા પ્રમાણમાં લાઈન લાગતી હતી યુવાનો નો પાસે થી એક ગાંજાની પડીકીના ૧૦૦ થી ૫૦૦ રૂપિયા પડાવતો હતો ગાંજાના નશાના ખપ્પરમાં ડૂબેલા કેટલાક યુવાનોતો ત્યાં પડ્યા પાથર્યા રહેતા હોવાનું જાણવા મળ્યું હતું આ મંદિરમાંથી પકડાયેલા કેસરી કપડાને લાંછન લગાડનાર શખ્શ ચરસનો પણ વેપલો કરતો હોવાનું અને ચરસ-ગાંજો હિમાચલ પ્રદેશ થી લાવતો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

# ભિલોડા તાલુકામાં વાયરલ ફીવરથી દવાખાનાઓમાં દર્દીઓનો ઘસારો

ભિલોડા,તા.૨૨

ભિલોડા તાલુકામાં વાયરલ ફીવરથી દવાખાનાઓમાં દર્દીઓનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે.વરસાદી માહોલ વચ્ચે વાતાવરણમાં પલટો આવતાં વાદળછાયું વાતાવરણ સર્જાતાં પ્રજાજનોના આરોગ્ય ઉપર માઠી અસરો થઈ રહી છે.વાયરલ ફીવરથી દર્દીઓ હેરાન-પરેશાન થઈ રહ્યા છે.ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં રોજીંદા દર્દીઓની ઓ.પી.ડી.ની સંખ્યા ૬૦૦ થી વધુ હોય છે.સરકારી અને ખાનગી દવાખાનાઓમાં ઓ.પી.ડી.માં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે.વાયરલ ફીવરમાં સપડાયેલા લોકો સામાન્ય રીતે શરદી,તાવ,ઉધરસ,ખાંસી,ઝાડા-ઉલ્ટીના દર્દીઓની સંખ્યા દિન-પ્રતિ-દિન વધી રહી છે.મેલેરીયા અને ટાઈફોઈડની બિમારીમાં પણ લોકો સપડાયા છે.મેલેરીયા ન ફેલાય તેના માટે જંતુનાશક દવાનો છંટકાવ સત્વરે કરવો અત્યંત જરૂરી છે.આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક કાર્યવાહી હાથ ધરાય તેવી પ્રજાજનો આશા સેવી રહ્યા છે.



ભિલોડા તાલુકામાં આજ દિન સુધીમાં ૨૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. ખાડા-ખાબોચીયાઓમાં અને નીચાણવાળા વિસ્તારોમાં ઠેર-ઠેર અસહ્ય ગંદુ વરસાદી પાણી ભરાયેલું હોવાના કારણે માખી,મચ્છરોનો ઉપદ્રવ વધતાં પ્રજાજનો બિમારીમાં સપડાયા છે. ચોમાસાની ઋતુ દરમ્યાન રોગચાળાએ માથુ ઉચક્યું છે.મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો વધુ જોવા મળી રહ્યો છે.વરસાદી સિઝન હોવાથી રોગચાળો વધારે ફેલાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.વાયરલ ફીવરના કારણે દવાખાનાઓ ઠેર-ઠેર ઉભરાઈ રહ્યા છે.



ભિલોડા તાલુકા મથક ખાતે કોટેઝ હોસ્પિટલ અને તાલુકા પંચાયત આગળ વરસાદી પાણી ભરાયેલું હોવાના કારણે કાદવ-કિચડનું સામ્રાજ્ય વધતાં માખી-મચ્છરોનું પણ પ્રમાણ વધ્યું છે.ખાણી,પીણીના સ્ટોલ ઉપર પ્રજાજનો હોંશે હોંશે નાસ્તાઓના ચટાકા કરી રહ્યા છે અને બિમારીમાં સપડાઈ રહ્યા છે.

આરોગ્ય વિભાગના જવાબદાર અધિકારીઓના છુપા આશીર્વાદથી ઉંટવૈદીયા ડાંકટરોનો ઠેર-ઠેર રાફડો ફાટ્યો છે. ઉંટવૈદીયા ડાંક્ટરો ગરીબ અને અભણ પ્રજાજનોના આરોગ્ય સાથે રીતસરના ચેંડા કરી રહ્યા છે.

# પાલનપુર નગરપાલિકામાં રાજકીય ભૂકંપ

## કમિટીઓની રચનાથી અસંતુષ્ટ ૧૩ ચેરમેનોના રાજીનામાંથી હડકંપ : ભાજપ મોવડી મંડળની નીતિરીતિ સામે બગાવત કરતા ૧૩ કમિટી ઓના ચેરમેનોએ રાજીનામાં ધરી દેતા ચકચાર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની ગતરોજ સાધારણ સભા યોજાઈ હતી. જેમાં વિવિધ ૧૯ કમિટીઓ ની રચના કરાઈ હતી. જેમાં નો- રિપીટ થિયેરીને અવગણીને ૨ ચેરમેનોને રિપીટ કરવા સહિત જુના જોગીઓની બાદબાકીને પગલે ભાજપમાં ભડકો થયો હતો. કમિટીઓની રચનામાં ભાજપ મોવડી મંડળ દ્વારા અન્યાય થયો હોવાની લાગણી વ્યક્ત કરતા ૧૩ કમિટીઓના નવનિયુક્ત ચેરમેનોએ પોતાના હોદ્દા પરથી રાજીનામાં ધરી દીધા છે. જેને લઈને ભાજપમાં હડકંપ મચી ગયો છે.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકામાં વિવિધ કમિટીઓની રચના કરાઈ હતી. જે કમિટીઓની નવ રચનામાં જુના જોગીઓ સહિત પક્ષનિષ્ઠ નગરસેવકોની બાદબાકી કરી નેતાઓના ઝભ્ભા પકડીને ફરતા નગરસેવકોને કમિટીઓ ફાળવાતા ભાજપી નગરસેવકોમાં અસંતોષ ફાટી નીકળતા ભાજપમાં ભડકો થયો હતો. ભાજપ મોવડી મંડળની સરમુખત્યારશાહી સામે વિરોધ વ્યક્ત કરતા મોવડી મંડળના ગાલ પર તમાચો મારતા ૧૩ કમિટીઓના નવનિયુક્ત ચેરમેનોએ ચેરમેનપદેથી પાલિકા પ્રમુખ અશોક ઠાકોરને રાજીનામાં ધરી દેતા ભાજપી વર્તુળોમાં ખળભળાટ મચી ગયો હતો.

વિવિધ કમિટીઓની રચનામાં નો-રિપીટ થિયેરી અપનાવવાનું સંકલન સમિતિમાં નક્કી થયા બાદ પણ પાણી પુરવઠા



અને સેનિટેશન કમિટીના ચેરમેનોને રિપીટ કરવા સહિત કેટલાક જુના જોગીઓ અને પક્ષ માટે મુકસેવક ની ભૂમિકા ભજવનારાઓ નગર સેવકોને હાંસિયામાં ધકેલી દેવાતા તેઓએ બળવાનું બ્યુગલ ફૂંકતા સામુહિક રાજીનામાં ધરી દેતા શહેર અને જિલ્લા ભાજપ હરકતમાં આવી ગયું છે. જોકે, જિલ્લા ભાજપ દ્વારા ડેમેજ કંટ્રોલની કવાયત હાથ ધરાઈ છે. ત્યારે તે કેટલી કારગત નીવડશે તેતો સમય જ બતાવશે.

### રાજીનામુ ધરી દેનારા બાગી ચેરમેનો

| | |
|---|---|
| (૧) એસ. જે. એસ. આર. વાય. | સૂરજબેન એમ. ગઢવી |
| (૨) એન. યુ. એલ. એમ. | જાગૃતિબેન વી. મહેતા |
| (૩) સામાજીક ન્યાય સમિતિ | પાર્થસારથી ડી. પરમાર |
| (૪) ગુમાસ્તાધારા સમિતિ | વૈશાલીબેન બી. લીંમ્બાચિયા |
| (૫) ગંદા વસવાટ સુધારણા | સંતોષબેન એ. રાજપૂત |
| (૬) બાગ બગીચા સમિતિ | જાગૃતિબેન વી. મોઢ |
| (૭) અપિલ સર્વિસ સમિતિ | પરમેશ્વરીબેન જી. ગેહાની |
| (૮) ઉત્સવ સમિતિ | અલકાબેન ડી. પંચાલ |
| (૯) આઈ. ડી. એસ. એમ. ટી | દેવેન્દ્રકુમાર એચ. રાવલ |
| (૧૦) માનવ રાહત સમિતિ | નાથીબેન જી. પરમાર |
| (૧૧) ટ્રાન્સ એન્ડ ગેરેજ | ચિમનલાલ એસ. સોલંકી |
| (૧૨) દબાણ સમિતિ | જયંતિભાઈ પઢિયાર |
| (૧૩) દંડક | હસમુખભાઈ પઢિયાર |

# ભિલોડાની રંગપુર પ્રાથમિક શાળામાં એપ્રિલ મહિનાથી પાણીનો પુરવઠો બંધ

## વિદ્યાર્થીઓ જીવના જોખમે લાવે છે પાણી, મંદિરમાંથી પાણી ભરી રોડ ક્રોસ કરવો બાળકો માટે ખુબ જ જોખમભર્યુ બની ગયુ છે

ભિલોડા, તા. ૨૨

ભિલોડા તાલુકામાં આવેલી



રંગપુર પ્રાથમિક શાળાના બાળકોને ભારે ચોમાસે પીવાના પાણી વગર વલખા મારવા પડી રહ્યા છે.

રંગપુર પ્રાથમિક શાળામાં ભણતા ભૂલકાઓને પીવાના પાણી માટે અત્યાર સુધી પાણી પુરવઠા યોજના દ્વારા પાણીનો પુરવઠો આપવામાં આવતો હતો. પરંતુ છેલ્લા એપ્રિલ મહિનાથી આ પાણીનો પુરવઠો કોઈના કોઈ કારણસર બંધ થઈ ગયો છે. બાળકોને હાલ પાણી ભરવા માટે હાઈવે રોડ ક્રોસ કરી સામે આવેલા માતાજી મંદિરમાં જવું પડે છે. શાળામાં પાણી નહી મળતા જીવના જોખમે રોડ ક્રોસ કરી સામે આવેલા માતાજીના મંદિરમાંથી પાણી ભરવા જવા મજબૂર બન્યા છે. ત્યારે તંત્ર દ્વારા શાળામાં પાણીની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

### તંત્ર દ્વારા શાળામાં પાણીની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ

ત્યારે મંદિરમાંથી પાણી ભરી રોડ ક્રોસ કરવો બાળકો માટે ખુબજ જોખમભર્યુ બની ગયુ છે. બાળકો સાથે શિક્ષકો પણ પાણી ભરવા જાય છે. પાણી ભરી પરત વળતા શિક્ષકો ટ્રાફિક રોકી બાળકોને હાઈવે ક્રોસ કરાવે છે. શાળાના આચાર્ય જગદીશભાઈ ખરાડી દ્વારા પણ તંત્રમાં વારંવાર રજૂઆતો કરવા છતાં નઘરોળ તંત્રના પેટનું પાણી હલતુ નથી અને બાળકોને પાણી મળતુ નથી. ત્યારે તંત્ર દ્વારા શાળામાં પાણીની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

### અમને કોઈ રજૂઆત મળી નથી

ભિલોડા પાણી પુરવઠા વિભાગના ડેપ્યુટી ઈજનેર પરમારનો ટેલિફોનિક સંપર્ક કરી પુછતા જણાવ્યું હતું કે આ અંગે અમને કોઈ રજુઆત મળી નથી અને આ અંગે તપાસ કરાવીશુ તેવું જણાવ્યું હતું.



### ડીસામાં શ્રદ્ધાભેર દશામાંની મૂર્તિઓનું વિસર્જન

બનાસકાંઠા જિલ્લામાં દશામાના વ્રતની ભકિતભાવપૂર્વક ઉજવણી કરાઇ હતી. મા દશામાનું વ્રત લેનાર બહેનોએ માતાજીની દસ-દસ દિવસ સુધી પૂજા-અર્ચના કરી ઉપવાસ રાખી છેલ્લા દિવસે રાત્રિ જાગરણ કર્યા બાદ ગતરોજ વહેલી સવારે વાજતે ગાજતે મા દશામાની પ્રતિમાઓનું નદી, તળાવો અને કેનાલમાં વિસર્જન કર્યું હતું. ડીસામાં રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલા દશામાંનું મંદિરે વ્રત દરમ્યાન દર્શનાર્થીઓની ભારે ભીડ જામી હતી.

# કમિશન નહી, પગારની માંગણી સાથે કમ્પ્યુટર ઓપરેટરની રેલી

## પાલનપુરમાં જીલ્લા કલેકટરને આવેદન આપી ધરણાંની ચિમકી : સ્ટેશનરી નિયમિત ન મળતી હોવાથી નૂકશાન

બનાસકાંઠા જિલ્લાની ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતાં ગ્રામ કમ્પ્યુટર સાહસિકોએ પોતાને કમિશન નહી પણ પગાર ચૂકવવામાં આવે તેવી માંગણી સાથે પાલનપુર ખાતેથી વિશાળ રેલી યોજી હતી. અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી જો માંગણી સંતોષવામાં નહી આવે તો પરિવારજનો સાથે ધરણાં ઉપર બેસવાની ચિમકી ઉચ્ચારી હતી.

બનાસકાંઠા જિલ્લા વી. સી. ઈ મંડળ દ્વારા પાલનપુર ખાતે વિશાળ રેલી યોજવામાં આવી હતી. જેમાં કમ્પ્યુટર ઓપરેટરોને થતો અન્યાય દૂર કરો, કમિશન નહી પણ પગાર ચૂકવો સહિતના બેનરો સાથે મોટી સંખ્યામાં કર્મચારીઓ જોડાયા હતા. રેલીને કિર્તિસ્તંભ, ગુરૂવનાનક ચોક, પુલ ઉપરથી કલેકટર કચેરી ખાતે લઈ જવાઈ હતી. જ્યાં જિલ્લા કલેકટર સંદિપ સાગલેને લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. જેમાં જણાવાયું હતુ કે, ગ્રામ કમ્પ્યુટર સાહસિકો ઈગ્રામ યોજના હેઠળ કામગીરી કરે છે. છેલ્લા અગિયાર વર્ષથી તેમની નિમણૂકો કરેલી છે. જન્મના દાખલા, વીજબીલ સ્વિકારવા, ૭-૧૨, ૮-અ ના ઉતારા, ગ્રામ પંચાયતને લગતી કામગીરીઓ કરી રહ્યા છે. તેમ છતાં પગાર ચૂકવવામાં આવતો નથી. માત્ર કમિશનથી કામગીરી કરાવવામાં આવે છે. ત્યારે આ સાહસિકોને પગાર ચૂકવવામાં આવે તેવી માંગણી છે. જો માંગણી નહી સંતોષાય તો ખાતે ધરણાં ઉપર બેસવાની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી. રેલીમાં બનાસકાંઠા વી. સી. ઈ. મંડળના પ્રમુખ રામસિંહ જી. સોલંકી, ઉપપ્રમુખ સુબાજી બી. વાઘેલા, મહામંત્રી શૈલેષજી એસ. મકવાણા, ખજાનચી કલ્પેશ એ. પટેલ સહિત સમગ્ર જીલ્લામાંથી મોટી સંખ્યામાં કમ્પ્યુટર ઓપરેટર ઉપસ્થિત રહ્યા હતા. સરકાર દ્વારા આ કમ્પ્યુટર સાહસિકોને નૂકશાન થઈ રહ્યું છે. જેમાં ઈ- ગ્રામ કેન્દ્રમાં પી. ડી. એસ. સર્વિસ બંધ કરી દેવામાં આવી છે. મામલતદાર કચેરીએથી મળતી એ. ટી. વી. ટીની સેવાઓ વી. સી.ઈ ના યુઝરથી મળતી નથી.

# પ્રાંતિજમાં ભરબપોરે તસ્કરો ત્રાટક્યા

## મકાનમાં પ્રવેશ કરી બે લાખ રોકડા, બાર તોલા સોનાનાં દાગીનાની ચોરી કરી ફરાર : મકાન માલિક લગ્નમાં પરીવાર સાથે બહાર ગયા ને તસ્કરો ઘર સાફ કરી ગયા

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ત્રણ રસ્તા ઉપર આવેલ ન્યુ પટેલ કોલોનીમાં સવારના દસથી એકના સમયગાળા દરમ્યાન તસ્કરો એક મકાન આગળના દરવાજાથી પ્રવેશ કરી અંદાજે પાંચ લાખની ચોરી કરી રફુચક્કર થતા મકાનમાલિક દ્વારા પોલીસને જાણ કરી હતી.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા જેસગપુરા રોડ ઉપર આવેલ ન્યુ પટેલ કોલોનીમાં મકાન માલિક લગ્ન પ્રસંગે પરિવાર સાથે હાજરી આપવા પ્રાંતિજ ગામમાં જ ગયા હતા ને અજાણ્યા તસ્કરો બંધ મકાનમાં મેન દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી છેલ્લા રૂમમા આવેલ ત્રિજોરીના તાળા તોડી તીજોરીમાં રહેલ બે લાખ રોકડા તથા બાર તોલા સોનાના દાગીના સહિત અંદાજે પાંચ લાખ રૂપિયાની ચોરી કરી. તસ્કરો



પલાયન થતાં મકાનમાલિક ઘરે આવતા મકાનમાલિકને ખબર પડતાં મકાન માલિક પટેલ રાજેશભાઈ શીવાભાઈએ પ્રાંતિજ પોલીસને જાણ કરતા પ્રાંતિજ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગળની તપાસ હાથ ધરી હતી. છેલ્લા એક મહિનાથી પ્રાંતિજમાં ચીલ ઝડપ સહિત ચોરીઓના બનાવોનો સીલ સીલો બનવા છતાં હાલ તો પ્રાંતિજ પોલિસતંત્ર જાણે ગોર નિદ્રામા હોય તેવું હાલ તો જણાઈ આવે છે. ત્યારે હાલ તો લોકોમા ભયનો માહોલ જોવા મલ્યો છે. હાલ તો પ્રાંતિજ સહિત વિસ્તાર સીસીટીવી કેમેરા ના હોવાથી તસ્કરોને ફાવતું મલી ગયુ છે. ત્યારે નગરજનો દ્વારા સીસીટીવી કેમેરા લગાવવામા આવે તેવી માંગ ઉઠવાપામી છે.

### ચોમાસા દરમિયાન વાયરલ ફીવરથી સાવધાન

પાણીજન્ય-મચ્છરજન્ય રોગચાળાથી બચવા-સાવધ રહેવા માટે બને ત્યાં સુધી ગમે ત્યાં પાણી પીવું નહી અને બહારનું ફાસ્ટ ફુડ ખાવાથી દુર રહેવું જોઈએ. વાસી ખોરાક ખાવાથી પણ દુર રહેવું જોઈએ. મચ્છરોથી બચવા માટે મચ્છરદાનીનો અવશ્ય ઉપયોગ કરવો જોઈએ.



તલોદના શ્રી એકલિંગેશ્વર મહાદેવ ખાતે અને શ્રી મઠેશ્વર મહાદેવ ખાતે રજુ કરવામાં આવતા 'ફુલવાડી દર્શન'ની આ તસવીર છે. શ્રાવણીયા સોમવારે અને શ્રાવણમાં આવતા તહેવારોમાં અહીં મનોહર ફુલવાડીની રચના કરીને શિવભક્તો ભોળાનાથ ભગવાનશ્રી આશુતોષને રિઝવવા અથાગ પ્રયાસો કરે છે. અસંખ્ય પુષ્પ પાંદડીઓ શિવાલયોના ગર્ભગૃહમાં ઠરીઠામ થઈને બેઠી છે. જ્યાં દર્શનાર્થીની નજર અપલક નેત્રે પળવાર માટે ઠરી જાય છે.